647510 **MA0GujCC1010** **Seat No :________**

# M.A. (GUJARATI) Semester - 1 (*CBCS*) Examination
# Jan/Feb.-2022 [NEW COURSE]
# BHASHA KAUSHAL(CORE)

**Time: 1:30 Hours** **Marks: 42**

**Instructions:**

1. Figures to the right indicate marks.
2. There are five questions in the question paper.
3. Answer any three of the following questions.

---

પ્રશ્ન.૧ નીચે આપેલ કાવ્યનું રસદર્શન કરો. (૧૪)

આજ મહારાજ! જલ પર ઉદય જોઈને
ચંદ્રનો હૃદયમાં હર્ષ જામે
સ્નેહધન કુસુમવન વિમલ પરિમલ ગહન
નિજ ગગન માંહિ ઉત્કર્ષ પામે,
પિતા! કાલના સર્વ સંતાપ શામે!
નવલ રસ ધવલ તવ નેત્ર સામે!
પિતા! કાલના સર્વ સંતાપ શામે!
જલધિજલદલ ઉપર દામિની દમકતી,
યામિની વ્યોમસર માંહિ સરતી,
કામિની કોકિલા કેલિ કૂજન કરે,
સાગરે ભાસતી ભવ્ય ભરતી,
પિતા! સૃષ્ટિ સારી સમુલ્લાસ ધરતી!
તરલ તરણી સમી સરલ તરતી!
પિતા! સૃષ્ટિ સારી સમુલ્લાસ ધરતી!

- કાન્ત

પ્રશ્ન.૨ ગદ્યખંડનું સારલેખન કરો. (૧૪)

સાહિત્ય એ જીવનનું પ્રતીક છે. જીવન નીરોગી, પ્રસન્ન, સેવાપરાયણ, પ્રેમપૂર્ણ અને પરાક્રમી હોય તો તેના બધા જ વ્યાપાર આકર્ષક અને પ્રભાવશાળી થવાના . જે વિચારમાં આર્યતા છે, ઉદાતતા છે અને સર્વ મંગલકારી કલ્યાણની ભાવના છે તેનું શબ્દ શરીર એની મેળે જ ભાવગંભીર, લલિત, કોમળ અને પ્રાસાદપૂર્ણ થવાનું જ. માટે કેવળ સાહિત્યની ઉપાસના ન કરતાં જો આપણે આર્ય અને પ્રસન્ન જીવનની ઉપાસના કરીએ તો સાહિત્યની સુંદરતા એને મેળે ફૂટી નીકળશે. બારડોલીનાં ખેતરમાં પૂજ્ય ગાંધીજી અને વલ્લભભાઈએ ઉચ્ચારેલી ભાષા પોતાની સ્વાભાવિકતાથી જ ધીરોદાત અને પ્રૌઢ બની છે. સાહિત્યની ઉન્નતિ કરવી હોય તો જીવનની ઉન્નતિ કરીએ. સાહિત્ય એ જીવનની છાયા છે. જીવનની સુગંધ છે.

- કાકાસાહેબ કાલેલકર

પ્રશ્ન.3 ગદ્યખંડનું વિવરણ કરો. (૧૪)

વિદ્યાપીઠનું શિક્ષણ એ વિશિષ્ટ શક્તિ ધરાવનારાઓ માટેનો વિશેષાધિકાર છે. અને જેમની પાસે આ શક્તિ છે, પણ તે માટેના પૈસા નથી, તેમને સમાજના પૈસાથી એ તાલીમ મળવી જોઈએ. શક્તિ માટેની કસોટીમાંથી પસાર થયા વગર કોઇને વિદ્યાપીઠમાં પ્રવેશ મળવો ન જોઈએ. અને વિદ્યાપીઠમાંથી દાખલ થયા પછી પણ અધ્યાપકને તે વિદ્યાર્થીએ એવી ખાત્રી કરાવી દેવી જોઈએ કે તે પોતાને મળેલી તક અને સમયનો પૂરેપૂરો ઉપયોગ કરે છે. પોતાના અભ્યાસ અને મહેનતથી અધ્યાપકોને સંતોષ આપી શકે તે જ વિદ્યાર્થી વિદ્યાપીઠમાં રહી શકે, તેમ થવું જોઈએ. વિદ્યાપીઠ એ નવરાસનો સમય ગાળવા માટેનું સ્થાન છે, અને ધનિક લોકોના વિદ્યાર્થીઓ એમાં ત્રણ-ચાર વરસ લહેર કરે એવો ખ્યાલ હવે ચાલ્યો ગયો છે. ખરું જોતાં વિદ્યાપીઠના વરસો તે વિદ્યાર્થીના વિદ્યા માટેની તપસ્યાના વરસો બનવાં જોઈએ.

- બટ્રીન્ડ રસેલ

પ્રશ્ન.૪ છંદ એટલે શું? છંદના પ્રકારો જણાવી, પૃથ્વી અને મંદાક્રાંન્તા છંદનું બંધારણ દૃષ્ટાંત સાથે સમજાવો. (૧૪)

પ્રશ્ન.૫ નીચેનામાંથી કોઇપણ બે પ્રશ્નોના જવાબ આપો. (૧૪)

1. પ્રૂફરીડિંગની સંજ્ઞાઓ
2. જોડણીનું મહત્વ
3. વર્ણાનુપ્રાસ અને શબ્દાનુપ્રાસ છંદનું સ્વરૂપ સમજાવો.
4. રૂપક અને વ્યતિરેક અલંકાર વિશે દૃષ્ટાંત સહિત ચર્ચા કરો.

******************************